અપીલ અરજી નં.૩૪ તા.૨૭–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી હસમુખભાઈ ભીખુભાઈ પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હસમુખભાઈ ભીખુભાઈ પટેલની તા.૧૮–૩–૧૦ની અરજીથી (૧) શ્રી દુર્ગાપુરી કો.ઓ.હા.સોસા.લી. નાં " B" ટાઈપનાં આવાસો તેમજ " A" ટાઈપના આવાસોનાં રહીશો તેમજ તેમનાં પ્રમુખ/મંત્રીશ્રી ધ્વારા રોડ (રસ્તા) સોસાયટીમાં બનાવવા માટેની સુવિધા મેળવવા માટેની અરજીઓ માટેની માહિતી વિ. મુદ્દા નં.૧ થી ૫૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૭–૪–૧૦ ની **SMC/FAP/** નં.૩૪/૨૦૧૦–૧૧

શ્રી હસમુખભાઈ ભીખુભાઈ પટેલની તા.૧૮–૩–૧૦ની અરજીથી (૧) શ્રી દુર્ગાપુરી કો.ઓ.હા.સોસા.લી. નાં " B" ટાઈપનાં આવાસો તેમજ " A" ટાઈપના આવાસોનાં રહીશો તેમજ તેમનાં પ્રમુખ/મંત્રીશ્રી ધ્વારા રોડ (રસ્તા) સોસાયટીમાં બનાવવા માટેની સુવિધા મેળવવા માટેની અરજીઓ માટેની માહિતી વિ. મુદ્દા નં.૧ થી ૫૫ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૧ તા.૧૨–૫–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તબદીલી મૂળ અરજીની થયેલ હોય તો તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૭ તા.૧૯–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતીમાં અરજદારની મુળ અરજીની નકલ, નકલ સાથે મુદ્દા નં.૧ થી ૫૫ ની અરજીની નકલ, પાના નં.૧ થી ૭ તથા અરજદાને આપેલ માહિતી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૧૦૭ તા.૧૦–૫–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૮–૩–૧૦ ની અરજી જાહેર માહિતી અધિકારી પશ્ચિમઝોન રાંદેર ખાતે મુદ્દા નં.૧ થી ૫૫ ની માહિતી માંગતી ૧. શ્રી દુર્ગાપુરી કો. ઓ. હા.સો.લિ. ના બી ટાઈપના આવાસ નં.બી–૧ થી બી–૩૪ ની રોડ (રસ્તા) બનાવવા માટેની અરજી આપની કચેરીને કયારે મળેલ છે તે મળ્યાની તારીખ તેમજ જેને મળેલ છે તે બ્રાંચનું નામ જણાવવું. તેમજ તે સમય દરમ્યાન જે તે ફરજ પરના કયા અધિકારી જવાબદાર છે? તેનું નામ તથા તેમનો હોદ્દો જણાવવો. તેવા મુદ્દા ૧ સહિત મુદ્દા ૫૫ ની અરજી કરવામાં આવેલ. જે આરટીઆઈ સેલ/વેસ્ટઝોન/૧૬ તા.૫–૪–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. જે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી પરત કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારીને પત્ર નં.જીએડી/ઈએસટી/૨૦૦ તા.૧૫–૪–૧૦ થી તબદીલ કરવામાં આવેલ. તેમજ મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક શહેર વિકાસ તરફથી પણ પત્ર નં.ટીડીઓ/૨૭૩ તા.૧૭–૪–૧૦ થી પરત મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોન ને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૨૭–૪–૧૦ ના રોજ ૩૦ દિવસ પુરા થતા હોય કોઈ નિર્ણય ન મળવાથી અપીલ અરજી કર્યાનું જણાવેલ છે. વધુમાં અરજદારે સુમપા સેવાસદન વેસ્ટઝોન ધ્વારા માહિતી આપવા એક બીજા વિભાગ ઉપર ઓળ –ઢોળ કરતાં હોવાથી જે અંગે અરજદારે કરેલી અરજીના મુદ્દા નં.૧ થી ૫૫ ની માહિતી અંગે રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.૧૨૭ તા.૧૯–૫–૧૦ ના રોજ આપેલ પૂરક માહિતીમાં અરજદારને મુદ્દા નં.૧ થી ૫૫ ની માહિતી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૧૦૭ તા.૧૦–૫–૧૦ થી લગભગ એક માસ ઉપરાંતના વિલંબથી અરજદારને પૂરી પાડવામાં આવેલ જણાય છે. જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન કક્ષાએથી આપેલ તમામ માહિતી જોતાં તેમની કક્ષાએથી બિન જરૂરી તબદીલી અગાઉ કરેલ હોવાનું સ્પષ્ટ થાય.

**<u>હુકમ</u>**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી અને હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

બિનજરૂરી તબદીલીના કિસ્સાનું પુનરાવર્તન નિવારવા કાળજી લેવા જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૧૦

ડે.કમિશ્નર(જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી હસમુખભાઈ ભીખુભાઈ પટેલ,